# નવસારી જીલ્લા પોલીસ તરફથી કરવામાં આવેલ સારી કામગીરીની વિગત  સાફલ્યગાથા

## તા.૧૮/૦૯/૨૦૨૩ થી ૨૪/૦૯/૨૦૨૩

| કચેરી/ શાખા / | કરેલ સારી કામગીરી |
|---|---|
| નવસારી ટ્રાફીક શાખા ખાતે ગણેશ સ્થાપના આરતીમાં સ્વામીશ્રી, સ્વામી નારાયણ મંદિર નવસારી તેમજ અન્ય સંતો સાથે પધારી આરતી અર્ચનામાં ભાગ લઇ જીલ્લાના નાગરિકોને આશીર્વચન આપી નાયબ પોલીસ અધિક્ષકશ્રી, ગોહિલનાઓ દ્વારા નાર્કોટીક ડ્રગ્સનુ ઉત્પાદન, વેચાણ, નશાયુકત દ્રવ્યોની ગેરકાયદેસર હેરાફેરી જેવી કોઇ પણ માહિતી હોયતો ગભરાયા વગર નવસારી જીલ્લા પોલીસને માહીતી આપવા અંગે માર્ગદર્શન પુરૂ પાડી ટ્રાફિક અવરનેશ અંગે માર્ગદર્શન પુરૂ પાડવામાં આવેલ ની તેમજ ટ્રાફીકના નિયમોનુ પાલન સાથે મળીને કરવા સુચનો કરવામાં આવેલ. |   |
| ખેરગામ મુકામે આગામી ગણપતિ વિસર્જન તેમજ ઈદ એ મિલાદ ના તહેવાર અનુસંધાને મામલતદારશ્રી ખેરગામ, પો.સ.ઇ. ખેરગામ , ગણપતિ આયોજકો, સરપંચશ્રીઓ , હિંદુ તેમજ મુસ્લિમ સમાજના આગેવાનો સાથે શાંતિ સમિતિની મીટીંગનું આયોજન કરવામાં આવેલ. |  |
| નવસારી જીલ્લા પોલીસ દ્વારા નવસારી શહેરના સયાજી મંડળ ગણેશ મહોત્સવ, લક્ષ્મણ હોલ ખાતે સાયબર ક્રાઇમ જાગૃતિ અંગે સાઇબર ક્રાઈમ હેલ્પલાઇન નંબર-  ૧૯૩૦ અને વેબસાઇટ cybercrime.gov.in વિશેની માહિતી તેમજ LED સ્ક્રીનના માધ્યમથી વિડીયો અને પેમ્પલેટ વિતરણ કરી સાઈબર ક્રાઇમ જાગૃતિ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવેલ |  |

| | |
|---|---|
| <u>હોન્ડા કંપનીની સફેદ કલરની બ્રીયો ગાડીના પાછળની શીટના ભાગેથી પ્લાસ્ટીકની મેણીયા થેલીમાં વહન કરી લઇ જવાતો ભારતીય બનાવટનો ઇગ્લીશ દારૂની બાટલીઓ કુલ્લ નંગ-૫૭૬ કિમંત રૂપિયા  ૬૫,૭૬૦/- નો પ્રોહી જથ્થો પકડી પાડી ગણનાપાત્ર કેસ શોધી કાઢતી ચીખલી પોલીસ</u> |  |
| <u>નવસારી જિલ્લાના પોલીસ અધિકારી, સુરક્ષા સેતુ સોસાયટી, “ શી ટીમ, મહિલા હેલ્પલાઇન નંબર ૧૮૧, સપોટ ટીમના સભ્યો સાથે મળી ચીખલી ખાતે ટ્રાફીક અવેરનશ, પોલીસ સ્ટેશનોમાં વડીલો,  મહિલાઓ, બાળકોની મદદ કરવા માટે “ શી ટીમ“ દ્વારા ગુનાઓથી બચવા માટે, તેમજ ઇમરજન્સીમાં હેલ્પલાઇન નંબર ૧૮૧ પર “શી ટીમ“ નો સંપર્ક કરો અને અનિચ્છનીય ઘટનાથી બચો બાબતે ગણેશ ઉત્સવ દરમ્યાન વિવિધ સ્થળોએ જાગૃતિ કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવેલ.</u> |   |
| **<u>નવસારી જિલ્લા પોલીસ દ્વારા ટ્રાફીક શાખા ખાતે ટ્રાફીક અવેરનશ થીમ અધારીત ગણેશ મંડપમમાં શાળાના બાળકો માટે ટ્રાફીક અવરેનશ કાર્યક્રમ રાખી ટ્રાફીકના નિયમો બાબતે બાળકોને જાગૃત કરવામાં આવેલ.</u>** |  |

| | |
|---|---|
| **ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલો નંગ-૩૨૬ કિમંત રૂપિયા ૨૭,૯૨૫/- નો પ્રોહી મુદામાલ, વાહન સાથે અન્ય સાધન સામગ્રી મળી કુલ રૂપિયા ૧,૫૨,૯૨૫/- નો પ્રોહીબીશન મુદામાલ સાથે બે આરોપીઓને પકડી પાડતી ખેરગામ પોલીસ** |  |
| નવસારી જિલ્લા પોલીસ દ્વારા ટ્રાફીક શાખા ખાતે ટ્રાફીક અવેરનશની થીમ અધારીત ગણેશ મંડપમનું આયોજન કરવામાં આવ્યુ. પોલીસ સ્ટેશનોમાં મહિલાઓ/બાળકોની મદદ કરવા માટે " શી ટીમ" નું નિર્માણ કરવામાં આવ્યુ છે. " શી ટીમ" દ્વારા ગુનાઓથી બચવા માટે ગણેશ ઉત્સવ દરમ્યાન વિવિધ સ્થળોએ જાગૃતિ કાર્યક્રમો યોજીને સ્ત્રીઓ, વડીલો તેમજ બાળકોને જાગૃત કરવામાં આવે છે. ઇમરજન્સીમાં હેલ્પલાઇન નંબર ૧૮૧ પર "શી ટીમ" નો સંપર્ક કરો અને અનિચ્છનીય ઘટનાથી બચો. |   |
| **ખેરગામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઘરફોડ ચોરીના વણશોધાયેલ ગુનાઓમાં  બે ગુનેગારોને ચોરીમાં ગયેલ મુદ્દામાલ સાથે અલગ- અલગ પાંચ ચોરીના વણશોધાયેલ ગુનાઓ શોધી કાઢી કુલે રૂપિયા ૪,૬૯,૬૦૦/- નો સોના-ચાંદીનો મુદ્દામાલ રીકવર કરતી ખેરગામ પોલીસ** |  |

| | |
|---|---|
| નવસારી જીલ્લા પોલીસ પરીવાર તરફથી પોલીસ લાઇન ખાતે ગણેશ સ્થાપનાનુ આયોજન કરવામાં આવેલ<br>જેમા પોલીસ અધિક્ષકશ્રી, સુશિલ અગ્રવાલનાઓ તેમજ પોલીસ અધિકારીશ્રીઓ તેમજ પોલીસ પરીવારના સભ્યો  હાજર રહી પૂજા – આરતીમાં ભાગ લીધેલ. |  |
| ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલો નંગ-૨૮૮ કિ.રૂ. ૧,૦૪,૪૦૦/- નો પ્રોહી મુદામાલ સાથે એક આરોપીઓને પકડી પાડતી એલ.સી.બી. નવસારી પકડાયેલ આરોપી: કૃણાલકુમાર મહેશભાઇ પટેલ, હાલરહે. ગુંદલાવ મુળ રહે. ફડવેલ, ચીખલી |  |